# ખેડબ્રહ્મા આંગડીયા લૂંટ કેસમાં ધ્રાગંધ્રાનો નામચીન શખ્સ પકડાયો

## એલસીબીએ હિંમતનગરમાંથી ચાર પીસ્તોલ અને સાત જીવતા કારતુસ કબ્જે લીધા : પકડાયેલા શખ્સ વિરૂદ્ધ રાજ્યમાં અનેક સ્થળે ગુના નોંધાયેલા છે : ડીસામાં દાગીનાની લૂંટ, કડીમાં ખૂન અને મહેસાણા જેલમાંથી ભાગી ગયો હતો

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ખાતે આવેલ આંગડીયા પેઢીના એક કર્મચારી પર નવ માસ અગાઉ કેટલાક શખ્સોએ આવી ફાયરીંગ કરી છરાના ઘા મારી અંદાજે રૂ. ૧.૮૪ લાખથી વધુની લૂંટ કરાઈ હોવાની ફરીયાદ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં નોંધાયા બાદ જિલ્લાના પોલીસતંત્ર માટે આ ગુનાનો ભેદ ઉકેલવાની ચેલેન્જ ઉભી હતી.ત્યારે એલસીબીએ અથાગ પ્રયાસો બાદ અધિકારીઓએ બાતમીને આધારે રવિવારે ધાંગધ્રાના નામચીન શખ્સને હિંમતનગરના મોતીપુરા સર્કલ પરથી ચાર પીસ્તોલો અને સાત જીવતા કારતુસ સાથે દબોચી લીધો હતો અને તેની વધુ પુછપરછ કરવાના ચક્રો ગતિમાન કરાયા છે.

આ અંગે જિલ્લા પોલીસવડા ચૈતન્ય માંડલીક તથા એલસીબીના પીઆઈ એમ.ડી. ચંપાવત અને પીએસઆઈ બી.યુ. મુરીમાના જણાવાયા મુજબ નવ માસ અગાઉ ખેડબ્રહ્મા સ્થિત આંગડીયા પેઢીનો એક કર્મચારી પોતાના થેલામાં કેટલીક રોકડ લઈને નિકળ્યો હતો ત્યારે વાહનમાં આવેલા અજાણ્યા શખ્સોએ તેને લક્ષ બનાવીને ધાડ પાડી લૂંટી લેવાનું આયોજન કર્યા બાદ આ અજાણ્યા શખ્સોએ આંગડીયા પેઢીના કર્મચારી પાસેથી રોકડ ભરેલો થેલો ઝુંટવી લેવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ આ કર્મચારીએ પોતાના હાથમાંથી થેલો ન છોડતા અજાણ્યા શખ્સોએ તેના પર છરાથી હુમલો કરી ફાયરીંગ કર્યુ હતુ અને થેલો લઈને ભાગી ગયા હતા. જે અંગેની ફરીયાદ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં નોંધાયા બાદ ચકચારી આ ઘટનાની તપાસ એલસીબીને સોંપવામાં આવી હતી. જે આધારે પોલીસે અનેક દિશામાં તપાસ કરીને બાતમીને આધારે સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રાની ભાર્ગવી સોસાયટીમાં રહેતા રોહિતસિંહ ઉર્ફે રણવિરસિંહ ઉર્ફે ભાણુભા કિરીટસિંહ ઝાલા (ઉ.વ.૩૦)નું નામ ખુલ્યુ હતુ. તો બીજી તરફ આ નામચીન શખ્સ રવિવારે હિંમતનગર થઈ રાજસ્થાન જવાનો હતો તે બાતમીને આધારે એલસીબીના સ્ટાફે મોતીપુરા સર્કલ પર વોચ ગોઠવી દીધી હતી અને બાતમીમાં જણાવાયા મુજબની વિગતને આધારે તેને ઝડપી લેવામાં આવ્યો હતો.

ત્યારબાદ પોલીસે તેની ઝડતી લેતા તેની પાસેના કાળા થેલામાંથી દેશી બનાવટની ચાર પીસ્તોલ અને સાત જીવતા કારતુસ એમ મળી અંદાજે રૂ. ૧.૮૨ લાખનો મુદ્દામાલ મળી આવ્યો હતો. જે આધારે નામચીન રોહીતસિંહ ઝાલા વિરૂદ્ધ એલસીબીએ હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં આર્મસ એક્ટ મુજબ ગુનો નોંધાવી પ્રવર્તમાન સંજોગોને ધ્યાનમાં રાખી તેનો કોવિડ ટેસ્ટ કરાવ્યો હતો. પોલીસના જણાવાયા મુજબ પકડાયેલો આ શખ્સ અગાઉ દારૂની હેરાફેરી કરતો હતો અને તેની વિરૂદ્ધ ખેડા, નડીયાદ, મહેસાણા સહિતના અનેક સ્થળે ગુનાઓ નોંધાયા હતા. પકડાયેલા શખ્સ પાસેથી પોલીસ જે વિગતો ઓકાવી રહી છે તે જોતા ગુજરાતમાં અનેક વણઉકલાયેલા ગુનાઓનો ભેદ ઉકેલવાની શક્યતા છે. એલસીબીના પીઆઈના જણાવાયા મુજબ પકડાયેલા નામચીન શખ્સની વધુ પુછપરછ માટે સોમવારે હિંમતનગરની કોર્ટમાં રજુ કરાયો હતો.




### પકડાયેલો શખ્સ પીસ્તોલ વેચતો હતો

સાબરકાંઠા એલસીબીએ પકડી પાડેલા ધાંગધ્રાના આ નામચીન શખ્સની પુછપરછ દરમિયાન તે કેટલાક લોકોને પીસ્તોલ વેચાણ આપતો હતો. આ પીસ્તોલ તે ક્યાંથી ખરીદતો હતો તે અંગે પોલીસ સમક્ષ કોઈ સચોટ માહિતી આપતો નથી.

### કેટલા ગુનાઓમાં સંડોવણી હતી

પકડાયેલા શખ્સે પાંચ વર્ષ અગાઉ કડી ખાતે એક વ્યક્તિ પર ફાયરીંગ કરતા પકડાઈ ગયો હતો અને મહેસાણા જેલમાં હતો પરંતુ વર્ષ ૨૦૧૭માં પેરોલ રજા મંજુર થતા જેલમાંથી ગયા બાદ હાજર થયો ન હતો. એક વર્ષ અગાઉ તેણે બીજા માણસોને સાથે રાખી ડીસામાંથી અંદાજે રૂ. ૨૮ લાખના દાગીનાની ચોરી કરી હતી. તેજ પ્રમાણે તડીપાર અને દારૂના કેસના ગુનામાં કસુરવાર થયેલ આ શખ્સને ધાંગધ્રાથી તડીપાર કરાયો હતો.

### હજુ કેટલા શખ્સો પકડવાના બાકી

સાબરકાંઠા એલસીબીએ ધાંગધ્રાના નામચીન શખ્સને ઝડપી લીધા બાદ કેટલાક ગુનાઓમાં સંડોવાયેલા મનાતા સુરેન્દ્રનગર જિલ્લાના ઝીંઝુવાડાનો મહિપતસિંહ ઉર્ફે રામવાળો ઉર્ફે સીતારામ ચંપુભા ઝાલા, જામનગરના રાંદલનગરમાં રહેતો પદ્યુમનસિંહ ઉર્ફે પદુભા ઘનશ્યામસિંહ જાલા, મેઢાસણનો મહાવીરસિંહ રણવીરસિંહ જોધ્ધા, પાટણ જિલ્લાના સમીમાં રહેતો સબીરભાઈ ઈમામભાઈ બેલીમ અને મુળી તાલુકાના નવાણીયા ગામનો દિવ્યરાજસિંહ મહેન્દ્રસિંહ પરમારને પોલીસ શોધી રહી છે.




હિંમતનગર પોલોગ્રાઉન્ડમાં આવેલ માણેકકૃપા વિદ્યામંદિરના પ્રિન્સિપાલ ગાયત્રી સિંહા મેડમના જન્મદિવસ નિમિત્તે સમગ્ર શાળા પરિવાર તરફથી અલગ-અલગ વિસ્તારમાં જઈને કોરોના મહામારીમાં જરૂરિયાતમંદ લોકોને ઘર માટે વપરાતી ચીજવસ્તુઓ અર્પણ કરીને જન્મદિવસની ઉજવણી કરીને જરૂરિયાતમંદ લોકોની મદદ કરવા માટે અને આ શ્રેષ્ઠ કાર્યની શૃંખલાને આગળ વધારવા પ્રોત્સાહિત કરી પ્રેરણા આપી એક શ્રેષ્ઠ સામાજિક કાર્ય કર્યું હતું.

# દિવાળીની રાત્રીએ ૧૩ ફૂટ મેળાયું પ્રગટાવશે

## શામપુરના ડુંગર પર ૧૩ ફૂટ મેળાયું પ્રગટાવાની સાથે અરવલ્લીની ગિરિમાળાઓ દેવ દિવાળી સુધી થશે પ્રકાશીત

દિવાળી આવે ત્યારે બાળકો હાથમાં મેરાયું લઈને તેલ પુરવા માટે નિકળે છે, અને કહે છે કે, આજ દિવાળી...કાલ દિવાળી...ગોકુળિયામાં થાય સંસ્કૃતિમાં પરિવર્ત આવ્યું હોય તેવું લાગી રહ્યું છે, પરંતુ ગામડાએ એ સંસ્કૃતિનો વારસો આજે ટકાવી રાખ્યો છે, જે આપણને પૂર્વજોએ આપ્યો છે. શામપુર નજીક કુંઢેરા પરંપરા ચાલી આવી છે, જે આજે પણ ગ્રામજનોએ દ્વારા જાળવી રાખવામાં આવી છે. જે પરંપરા હાથમાં મેરાયું લઈને તેલ પુરવાની છે, તે ધીરે ધીરે ભૂલી જવાઈ છે, મળતો હોવાની સાથે મેરાયાનો પ્રકાશ આસપાસના રામપુર, ગઢડા, ખંભીસર, સરડોઈ, મેઢાસણ, લાલપુર, નવા, દાવલી સહિતના ગામમાં જોવા મળે છે. પ્રથા આજે પણ યથાવત છે. મોડાસા તાલુકાના શામપુર ગામના ડુંગર પર આવેલા તેર ફૂટ ઉચા મેરાયામાં ગ્રામજનો દિવાળીના દિવસે તેલ પુરે છેઅનેદેવ દિવાળી સુધી તેની પૂજા કરે




દિવાળી... પણ આ જે આ શબ્દો કદાચ ઓછા સાંભળવા મળતા હશે. એવામાં અરવલ્લી જિલ્લામાં એક કે બે ફૂટ નહીં પરંતુ ૧૩ ફૂટ ઊંચુ સવા મણ ઘી સમાય તેવા તાંબાના કોડિયાવાળું મેરાયું વર્ષોથી અડીખમ છે. સમય બદલાતા ડુંગર પર ૧૩ ફૂટ ઉંચુ મેરાયું પ્રગટાવી દિવાળીની અનોખી ઉજવણી કરવામાં આવશે.

શામપુર કુંઢેરા મહાદેવના મહંત શિવાનંદ મહારાજના જણાવ્યા અનુસાર મહાભારતના સમયથી અહીં મેરાયું પ્રગટાવાની પણ ડુંગર પર ચઢાણ કરીને પણ ગ્રામજનો આજે દિવાળીના દિવસે મેરાયું પ્રગટાવા પહોંચી જાય છે. શામપુરાના ડુંગર પર પ્રગટાવાયેલા મેરાયુંનો પ્રકાશ અરવલ્લીની ગીરીમાળાઓમાં રેલાતા નયનરમ્ય નજારો જોવા

દિવાળી આવે એટલે નાના કસ્બા અને નગરોમાં મેરાયા પ્રગટાવી તેલ પુરવાની પ્રથા જોવા મળતી હોય છે, પણ ધીરે ધીરે આ પરંપરા પણ લુપ્ત થઈ રહી હોય તેવું લાગી રહ્યું છે. આ વચ્ચે અરવલ્લી જિલ્લામાં તેર ફૂટ ઉંચા મેરાયામાં તેલ પુરવાની છે. ગ્રામજનો માન્યતા રાખતા હોય છે અને માન્યતા પૂર્ણ થતાં જ દિવાળીના દિવસે આ મેરાયામાં તેલ પુરવા માટે આવે છે, દિવાળી નજીક આવતા ગ્રામજનો દ્વારા મેરાયાની સાફ સફાઈ તેમજ જાળવણી કરવાની તૈયારીઓ પૂર્ણ કરવામાં આવે છે.

# ડીસાની ભોપાનગર રેલવે ફાટકે ડિવાઈડર નંખાતા હાશકારો

## અંડર કે ઓવરબ્રિજની પણ તાતી જરૂરીયાત

ડીસા, તા. ૯

ડીસા નજીકની ભોપાનગર રેલવે ફાટકે રોજીંદી ટ્રાફિક ડીસા-પાટણ હાઈવે પાટણ જિલ્લો અને કાઠિયાવાડને જોડતો એકમાત્ર હાઈવે છે. જેથી અહીં વચ્ચે જ ફસડાઈ જતા વાહનચાલકો અને મુસાફરો ટ્રાફિકમાં અટવાય છે. જેથી અહીં




ચક્કાજામની પરિસ્થિતિ વચ્ચે ફાટકની બંને સાઈડે વર્ષોની માંગ મુજબ આખરે ૧૦૦ મીટર ડિવાઈડર બનાવવાની કામગીરી હાથ ધરાઈ છે. દિવાળી પૂર્વેની આ ભેટથી ડીસાવાસીઓમાં ખુશાલી છવાઈ છે પરંતુ ડિવાઈડર સાથે અહીં ઓવર કે અંડર બ્રિજ બનાવવાની માંગ પણ સળવળી ઉઠી છે.

બનાસકાંઠા જિલ્લાનો રાત દિવસ વાહનોનો વધુ ઘસારો રહે છે. પરંતુ ડીસા નજીકની ભોપાનગર રેલવે ફાટક વારંવાર બંધ રહેતી હોઈ બન્ને સાઈડે વાહનોની લાંબી લાઈનો લાગી જાય છે.

અધૂરામાં પૂરું, ડીવાઈડરના અભાવે વાહનોની ચાર ચાર લાઈનો લાગતા ફાટક ખુલતાની સાથે અરાજકતા અને અંધાધૂંધીના દ્રશ્યો સર્જાય છે. વાહનો ફાટક ડિવાઈડર બનાવવા આમ પ્રજા સાથે મીડિયાએ પણ કાગારોળ મચાવી હતી. આખરે ધારાસભ્ય અને રેલવે કમિટીના મેમ્બર શશીકાંત પંડ્યા અને રેલવે સલાહકાર સમિતિમાં નવનિયુક્ત પ્રવિણ માળીના પ્રયાસો ફળદાયી નિવડતા ફાટકની બન્ને સાઈડે ૧૦૦ મીટર ડિવાઈડર નાખવાની કામગીરી શરૂ કરાઈ છે. દિવાળી પૂર્વેની આ ભેટથી ડીસાવાસીઓમાં ખુશાલી સાથે વર્ષો જૂની અહીં ઓવર કે અંડરબ્રિજ બનાવવાની માંગ સળવળી ઉઠી છે.



અરવલ્લી-સાબરકાંઠા આદિવાસી શિક્ષક એસોસિએશનના પ્રમુખની સર્વાનુમતે બિન હરીફ વરણી કરાતા સર્વત્ર આનંદની લાગણી પ્રસરી હતી.અરવલ્લી-સાબરકાંઠા આદિવાસી શિક્ષક એસોસિએશન પ્રમુખ દિલીપકુમાર નિનામાનું સન્માન અરવલ્લી જીલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ સહમંત્રી રશ્મિનભાઈ કલાસવા અને મેઘરજ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ કારોબારી સભ્ય બચુભાઈ બરંડાએ કર્યું હતું.

# મોડાસાની ૧૯ વર્ષીય નિલાંશી પટેલે પોતાના જ લાંબા વાળનો સતત ત્રીજા વર્ષે તોડ્યો વર્લ્ડ રેકોર્ડ

## ૨૦૨૦માં ૨૦૦ સે.મી.નો નવો રેકોર્ડ સ્થાપીત કર્યો

મોડાસા, તા. ૯

મોડાસાની નિલાંશી પટેલ સૌથી આખા વિશ્વમાં સૌથી લાંબા વાળ ધરાવે છે. ૨૦૧૮માં ઈટલીના રોમ ખાતે ૧૭૦.૫ સે.મી લાંબા વાળ સાથે ગિનીસબુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં અગાઉ નામ નોંધાયુ હતુ. ધો-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી આ નાનપણથી જ સૌથી લાંબા વાળ રાખવાની તમન્ના ધરાવતી નિલાંશી હાલ ગાંધીનગર આઈઆઈટીમાં એડમિશન મેળવ્યું છે, ભણવામાં પણ અવ્વલ છે. સાથે જ ટેબલ ટેનિસ અને તરણ સ્પર્ધાની કુશળ ખેલાડી છે.

આમ તો રમતો દરમિયાન પોતાના વાળનુ ખાસ ધ્યાન રાખવુ પડતુ હોય છે ત્યારે




વિદ્યાર્થીનીએ સતત બીજા વર્ષે પોતાનો જ રેકોર્ડ તોડયો છે અને ૧૯૦ સે.મી. લાંબા વાળ સાથે સતત બીજા વર્ષે લોન્ગેસ્ટ હેયર ટીનેજરનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. નિલાંશી પટેલે સતત ત્રીજા વર્ષે એટલે કે ૨૦૨૦માં પણ લાંબા વાળમાં દબદબો યથાવત રાખતા ૨૦૦ સે.મી. લાંબા વાળ સાથે નવો ગીનીશ વર્લ્ડ રેકોર્ડ બુકમાં સ્થાન મેળવ્યું છે.

સૌ પ્રથમ ૧૮ વર્ષથી નીચેની ઉંમરમાં આખા વિશ્વમાં સૌથી લાંબા વાળનો વર્લ્ડ રેકોર્ડ નિલાંશી ધરાવે છે અને ગત વર્ષ પણ પોતાનો જ રેકોર્ડ તેણે તોડયો હતો. સતત ત્રીજા વર્ષ-૨૦૨૦ માં પણ તેને ૨૦૦ સે.મી. વાળની લંબાઈ વધારી તેનો જ રેકોર્ડ તોડી સમગ્ર વિશ્વમાં તેનો દબદબો યથાવત રાખ્યો છે. મોડાસા તાલુકાના સાયરાના શિક્ષક દંપતિ બ્રિજેશભાઈ પટેલ અને કામિનીબેનની દિકરીએ આ સિધ્ધી હાંસલ કરતાં સમગ્ર દેશનુ નામ રોશન કર્યુ છે. આ અગાઉ નિલાંશીએ પોતાના લાંબા વાળ માટે લિમ્કાબુકમાં નોધણી કરાવી હતી. હવે સતત ત્રણ વર્ષથી ગિનીસબુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળી રહ્યુ છે.

નિલાંશી રમતની સાથે પોતાના માથાના વાળની પણ ખુબ જ કાળજી રાખે છે. નાનપણથી જ નિલાંશી અને તેના માતા-પિતાની ઈચ્છા હતી કે વિશ્વમાં સૌથી મોટા વાળ રાખવાનો રેકોર્ડ પોતાના નામે કરવો છે. વાળની કાળજી રાખવાનુ શરૂ કર્યુ અને બે વખત ગિનીસબુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યુ છે. ૨૦૧૮માં ૧૭૦ સે.મી. લાંબા વાળ સાથે ઈટલીના રોમ ખાતે આ રેકોર્ડ સર્જાયો હતો અને આરજેન્ટીનાની ટીનેજર્સનો લાંબા વાળનો રેકોર્ડ નિલાંશીએ તોડયો હતો.૧૮ વર્ષથી નીચેની ઉંમરે ૨૦૧૮, ૨૦૧૯ અને ૨૦૨૦ એમ સતત ત્રણ વર્ષ સુંધી પોતાનું નામ ગિનીસબુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાવનાર નિલાંશી એક માત્ર ભારતીય છે. લાંબા વાળનો રેકોર્ડ દર વર્ષે અલગ અલગ દેશોના નામે હોય છે, પરંતુ લોન્ગેસ્ટ ઓફ હેયર ટીનેજર્સમાં નિલાંશીએ ભારતનો ડંકો વગાડયો છે. આગામી સમયમાં પણ સૌથી લાંબા વાળમાં તે વિશ્વમાં પ્રથમ રહેવા માગે છે. નિલાંશી અભ્યાસમાં પણ અવવ્લ ગાંધીનગર આઈઆઈટીમાં કેમિકલ એન્જીનિયરિંગમાં પ્રવેશ મેળવ્યો.

# પ્રાંતિજના સીતવાડા ખાતે શ્રી ફૂલ જોગણી માતાજીનો યજ્ઞનો કાર્યક્રમ યોજાયો



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સીતવાડા ખાતે શ્રી ફૂલ જોગણી માતાજીનો યજ્ઞનો કાર્યક્રમ યોજાયો હતો. પ્રાંતિજ તાલુકાના સીતવાડા ગામમાં શ્રી ફૂલ જોગણી માતાજીનો યજ્ઞનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં કાળુસિંહ રાઠોડ પરિવારે લાભ લીધો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયત સદસ્ય મિલ્કતસિંહ રાઠોડે હાજરી આપી હતી તેમજ રણુસી, ચંદનસિંહ, જગતસિંહ આ યજ્ઞને સફળ બનાવવામાં ભારે જહેમત ઉઠાવી હતી. આ યજ્ઞની પૂજા વિધિ ગોકુલભાઈ શાસ્ત્રી દ્વારા કરવામાં આવી હતી.

# ભિલોડાના સુરપુર ગામમાં કોરોનાગ્રસ્ત દર્દીનું મોત નિપજ્યું

કોરોના વાઈરસની મહામારીનું પ્રમાણ દિન-પ્રતિ-દિન ગ્રામ્ય વિસ્તારોમાં વધતાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.દિવાળીના તહેવાર નિમિત્તે બજારોમાં પ્રજાજનો ખરીદી અર્થે ઉમટી રહ્યા હોઈ ત્યારે ભારે ભીડભાડ એકત્રીત થાય છે.ફુલગુલાબી ઠંડી અને ફટાકડાના ધુમાડાથી કોરોના વાઈરસ વધુ વકરશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.ફટાકડા ફોડવા માટે અપાયેલી શરતી છુટછાટોથી આગામી દિવસોમાં કોરોનાની પરીસ્થિતી અત્યંત વિકટ બનવાની દહેશત સેવાઈ છે. વાંસળી ગ્રૃપ ગ્રામ પંચાયત સરપંચ ઈન્દુબેન ભાવિનકુમાર તબીયારના જણાવ્યા મુજબ ભિલોડા તાલુકાના સુરપુર ગામમાં કોરોનાગ્રસ્ત દર્દી શિવાભાઈ મોતીભાઈ પરમાર, નિવૃત્ત પી.એસ.આઈ.નું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું.

# આપઘાત કરવા જતી મહિલા સાથે સતત કાઉન્સેલીંગ કરી તેમનો જીવ બચાવાય છે

પાલનપુર તાલુકાના વાસણ (ધા) ગામે શુક્રવારે પાલનપુર નગરપાલિકા, મહિલા પોલીસ અને ૧૮૧ અભિયમના ઉપક્રમે મહિલા શિબિર યોજવામાં આવી હતી. જેમાં મહિલાઓના ઉત્કર્ષને આપવામાં આવી હતી.

પાલનપુર તાલુકાના વાસણ (ધા) ગામે શુક્રવારે નગરપાલિકા સટ્રીટ લાઈટ ચેરમેન ભારતીબેન ઠાકોર, મહિલા પોલીસ મથકના પીઆઈ પી. આર. મોદી દ્વારા અત્યાચાર, પતિ દ્વારા અપાતો ત્રાસ, છેડતી, અપહરણના કેસમાં જીપીએસ સિસ્ટમથી તેનું લોકેશન મેળવવું તેમજ આપઘાત કરવા જતી મહિલા સાથે સતત કાઉન્સેલીંગ કરી તેનો જીવ



લગતી યોજનાઓ, તેમજ રક્ષણની સેવાઓ અંગે જેમાં પણ આપઘાત કરવા જતી મહિલાઓ સાથે અભિયમ દ્વારા સતત કાઉન્સેલીંગ કરી તેમનો જીવ બચાવવામાં આવતો હોવા સહિતની માહિતી મહિલા શિબિર યોજવામાં આવી હતી. જેમાં મહિલા ઉત્કર્ષ અંગેની યોજનાઓ વિશે માહિતી અપાઈ હતી. ૧૮૧ અભિયમના કાઉન્સેલર જીનલબેન પરમાર દ્વારા મહિલાઓ ઉપર થતાં બચાવવો સહિતની સેવાઓની માહિતી અપાઈ હતી. આ કાર્યક્રમમા ગામના સરપંચ નિરૂબેન હર્ષવર્ધનભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહી હતી.